ગાંધીનગર સમાચાર

મહત્તમ : ૩૧.૨ ડીગ્રી
લઘુતમ : ૧૮.૦ ડીગ્રી
ભેજ
સવારે ૬૨ ટકા ● સાંજે ૪૩ ટકા
ગાંધીનગર તાપમાન

# શહેરમાં આડેધડ પાર્કિંગ સામે લાલ આંખ

## શહેરના અલગ અલગ વિસ્તારોમાંથી ત્રણ દિવસમાં આડેધડ પાર્ક થયેલાં ૧૦૧ વાહનો ટો કર્યા : રૂ.૧૭ હજારનો દંડ વસૂલાયો

ગાંધીનગર, તા. ૧૬

શહેરમાં આડેધડ થતા વાહન પાર્કિંગને પગલે ટ્રાફિકની સમસ્યા શીરદર્દ સમાન બને છે ત્યારે ટ્રાફિક પોલીસે હવે આડેધડ પાર્કિંગ કરતાં વાહનચાલકો સામે લાલ આંખ કરી છે. રસ્તા વચ્ચે નડતરરૂપ વાહન મૂકીને જતા રહેતા વાહનચાલકોનાં વાહનો ટોઈંગ કરીને તેમની પાસેથી કડકપણે દંડની વસુલાત કરવામાં આવી રહી છે. છેલ્લા ત્રણ દિવસમાં આવા ટ્રાફિકથી અસરગ્રસ્ત અલગ-અલગ વિસ્તારોમાં પોલીસે ટોઈંગ ક્રેન ફેરવીને ૧૦૧ વાહનો ટો કર્યા છે. આ વાહન ચાલકો પાસેથી ૧૭ હજાર રૂપિયાનો દંડ વસૂલવામાં આવ્યો છે હજુ પણ આ ટોઈંગ ઝુંબેશ સઘન બનાવવામાં આવશે તેમ ટ્રાફિક પોલીસમથકના અમલદારે જણાવ્યું છે.

જિલ્લા ટ્રાફિક પોલીસ મથકના અમલદાર પી.એસ.આઈ ઝાલાના જણાવ્યા મુજબ ગાંધીનગર શહેરમાં આડેધડ વાહન પાર્કિંગથી ટ્રાફિકની સમસ્યા માથાના દુખાવા સમાન બની છે તેવા કેટલાંક હોટ પોઈન્ટ છે. શહેરના સેકટર-૨૧ શાક માર્કેટ, સે- ૧૭/૨૨, સેક્ટર-૭, ઘ-૫, કુડાસણ રિલાયન્સ ચોકડી સહિતના વિસ્તારમાં આડેધડ વાહન પરથી સમસ્યાને કારણે ટ્રાફિક જામની સ્થિતિ વધુ વકરે છે. જેને પગલે આવા વિસ્તારોમાં ટોઈંગ ક્રેઈન ફેરવવાનું શરૂ કરવામાં આવ્યું છે. ૧૩ નવેમ્બરે ટ્રાફિક પોલીસે શહેરમાં અલગ અલગ વિસ્તારોમાંથી ૩૪ વાહનો ટોઈંગ કર્યા હતા જેમની પાસે ૫૪૦૦ રૂપિયાનો દંડ વસૂલવામાં આવ્યો હતો. ૧૪ નવેમ્બરે ૧૪ વાહનો ટો કરીને વાહનચાલકો પાસેથી રૂ.૩૮૦૦ નો દંડ વસૂલાયો હતો. જ્યારે ગઈકાલે ૧૫ નવેમ્બરે શહેરના અલગ અલગ વિસ્તારોમાંનો પાર્કિંગમાં પાર્ક કરેલા અને અડચણરૂપ મુકેલા ૪૩ વાહનોને ટો કરવામાં આવ્યા હતા. તેમની પાસેથી રૂ.૭૬૦૦નો દંડ વસૂલવામાં આવ્યો હતો. એટલે કે ત્રણ દિવસમાં ૧૦૧ વાહનો ટો કરીને વાહનચાલકો પાસેથી ૧૭ હજાર નો દંડ વસૂલી કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. હજુ પણ આડેધડ પાર્કિંગ કરેલા વાહનોને ટોઈંગ કરવાની અને દંડનીય કાર્યવાહી કરવાની કામગીરી વધુ કડક બનાવાશે તેમ ટ્રાફિક પી.એસ.આઈ ઝાલાએ જણાવ્યું છે.





# સિવિલની શબવાહિની છેલ્લા બે માસથી બંધ

ગાંધીનગર, તા.૧૬

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં માત્ર એક શબવાહિની કાર્યરત હતી તે પણ છેલ્લા બે માસથી ગેરેજમાં મરામતની રાહ જોઈ રહી છે. શબવાહિનીના એસ્ટીમેટ ખર્ચ એટલો બધો છે કે સિવિલ તંત્ર પણ ખર્ચ કરાવવો કે નહીં તે વિમાસણમાં છે. પરંતુ હાલના સમયે તો શહેરની સિવિલની શબવાહિની ગેરેજમાં પડી પડી ધુળ ખાઈ રહી છે. ત્યારે સિવિલ તંત્ર શબવાહિની અંગે યોગ્ય નિર્ણય ક્યારે લેશે તે તો સમય જ બતાવશે.

પ્રાપ્ત માહિતી મુજબ ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં સમસ્યાઓ સમવાનું નામ લેતી નથી. સિવિલની હાલત એક સાંધો ત્યાં તેર તુટે તેવી છે. સિવિલમાં એમ્બ્યુલન્સની માથાકુટ તો રોજ સર્જાય છે. ડ્રાઈવર ના હોય અથવા એમ્બ્યુલન્સ ના હોય દર્દીઓએ ખાનગી એમ્બ્યુલન્સમાં જવાનો વારો આવે છે. સિવિલની એમ્બ્યુલન્સમાં જાય તો સામાન્ય ચાર્જ ચુકવવો પડે છે, જયારે ખાનગી એમ્બ્યુલન્સમાં વધુ રૂપીયા ખંખેરાય છે. ત્યારે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં માત્ર એક જ શબવાહિની છે, જે મૃતકોને લાવવા લઈ જવાનું કાર્ય કરે છે. પરંતુ શબ વાહિની છેલ્લા ઘણા સમયથી ડચકા ખાઈ રહી હતી. ત્યારે રીપેરીંગ કામ હાથ ધરવામાં આવતા ગેરેજ સંચાલકે એસ્ટીમેટ આપતા સિવિલ તંત્રના અધિકારીઓ પણ ચોંકી ઉઠ્યા છે કે નવી શબવાહિની ખરીદી કરવી કે જુની રીપેરીંગ કરાવવી. જયારે સિવિલના અંતરંગ સુત્રોમાંથી મળતી માહિતી મુજબ શબવાહિનીનું અગાઉ પણ રીપેરીંગ કામ હાથ ધરાયું હતું. પરંતુ બીલના નાણા ગેરેજ સંચાલકને હજુ સુધી મળ્યા નથી. જેથી શબવાહિની રીપેરીંગનું કામ ગેરેજવાળાએ હાથ ધર્યું નથી. ત્યારે ગેરેજ અને સિવિલ વહીવટી તંત્ર વચ્ચે શબવાહિનીનું રીપેરીંગ કામ અટવાઈને પડ્યું છે ત્યારે ગાંધીનગર શહેરમાં શબવાહિની માટે શહેરની સેવાકીય સંસ્થા જુસીકાનો સંપર્ક નગરજનોએ કરવો પડે છે. જુસીકા દ્વારા શબવાહિનીની સેવા પુરી પાડવામાં આવે છે. ત્યારે સિવિલની શબવાહિની બે બે માસથી ગેરેજમાં ધુળ ખાઈ રહી છે, રીપેરીંગ કામ હાથ ધરાયું નથી ત્યારે શબવાહિનીના રીપેરીંગ કામમાં પણ કયો ગ્રહ નડે છે તે જોવું રહ્યું.

# સે-૨૭ સ્વસ્તિક સોસાયટીમાં વધુ એક ઘરફોડ

## મકાનમાલિકે પોલીસ ફરિયાદ કરવાનો કર્યો ઈનકાર : દાગીના અને રોકડ મત્તાની થઈ ચોરી

ગાંધીનગર, તા.૧૬

શહેરના સેકટર-૨૭ ખાતે રેન્જ આઈજીની ઓફિસની પાછળ સોસાયટીમાં ગઈકાલે જ બે મકાનના તાળા તોડી તસ્કરોએ તરખાટ મચાવ્યો હતો ત્યારે આ જ સોસાયટીમાં વધુ એક મકાનમાં ઘરફોડ ચોરી થઈ હોવાની વિગતો બહાર આવવા પામી છે. બંધ મકાનનું તાળુ તોડી તસ્કરો તેમાંથી સોના ચાંદીના દાગીના તથા રોકડ મળી લાખોની મતા ચોરી ગયા હોવાની શક્યતા છે પરંતુ પોલીસના ચક્કરમાં પડવું ન હોવાથી ઘરફોડ ચોરી અંગે ફરિયાદ ન કરવી હોવાનું મકાન માલિકનું કહેવું છે તેમ જાણવા મળ્યું છે.

પાટનગરમાં તસ્કરોએ એક પછી એક બંધ મકાનના તાળા તોડી પોલીસને રીતસર પડકાર ફેંક્યા છે ત્યારે ગઈકાલે રેન્જ આઈજીપીની ઓફિસની પાછળ આવેલી સ્વસ્તિક સોસાયટીમાં બે બંધ મકાનના તાળા તોડી લાખોની મતાની ચોરી કરી હોવાની વિગતો બહાર આવી હતી. આ મામલે હજુ સુધી ફરિયાદ નોંધાઈ નથી ત્યાં હજુ બીજી એક ઘરફોડ ચોરી આ જ વિસ્તારમાં બની હોવાની વિગતો બહાર આવવા પામી છે. સ્વસ્તિક સોસાયટી માં આવેલા પ્લોટ નંબર ૧૦૮૨માં તસ્કરોએ હાથફેરો કર્યો છે. આ બંધ મકાનને ટાર્ગેટ બનાવીને તસ્કરોએ દરવાજાનો નકૂચો તોડી અંદર ઘૂસીને સોના ચાંદીના દાગીના તથા રોકડ મળી લાખોની મતાની ચોરી કરી હોવાનું પ્રાથમિક તબક્કે જાણવા મળ્યું છે જોકે આ મામલે પોલીસના ચક્કરમાં ન પડવું હોવાથી ફરિયાદ દાખલ ન કરવી હોવાનું મકાન માલિક જણાવી રહ્યા હોવાનું સૂત્ર પાસેથી જાણવા મળ્યું છે. તો બીજી તરફ આ વિસ્તારમાં પોલીસ પેટ્રોલિંગ સઘન બને તેવી માંગ પણ ઉઠવા પામી છે.

# સે-૨૧ અને મીનાબજારમાંથી ૨૫ કિલો પ્લાસ્ટીક બેગ જપ્ત



ગાંધીનગર, તા.૧૬

ગાંધીનગર શહેરના સેકટર-૨૧ અને મીનાબજાર ખાતે થી મહાનગર પાલિકાની ટીમ દ્વારા પ્લાસ્ટીકની બેગ જપ્ત કરવામાં આવી છે. મીના બજારના લારી ગલ્લા તેમજ સેકટર-૨૧ શોંપીગ સેન્ટર ખાતે થી તંત્ર દ્વારા ૨૫ કિલો પ્લાસ્ટીક બેગ ઝડપી લેવામાં આવી છે. ત્યારે મનપાની ટીમ દ્વારા પ્લાસ્ટીક ઝુંબેશ કાર્યરત કરવામાં આવતા નાના વેપારીઓમાં ભય પ્રસરી જવા પામ્યો છે.

શહેરમાં પ્લાસ્ટીક પ્રતિબંધ અંગે અગાઉ પણ તંત્ર દ્વારા પુરજોશમાં કામગીરી કરવામાં આવી હતી. પ્લાસ્ટીકનો કચરો, પર્યાવરણ અને પ્રાણીઓને પણ નુકશાન કર્તા છે, તે ઉપરાંત ગંદકી પણ ફેલાવે છે. સરકાર દ્વારા પ્લાસ્ટીકનો ઉપયોગ નહીં કરવા માટે નગરજનોને અનેકવાર વિવિધ પ્રવૃતિઓ થકી જાગૃત કરવામાં આવ્યા હતા. તંત્ર દ્વારા અને શહેરની સેવાકીય સંસ્થાઓ દ્વારા શહેરના બજારોમાં જઈને નાગરીકોને પ્લાસ્ટીક બેગનો વપરાશ નહી કરવા માટે માહિતી અને માર્ગદર્શન આપી કપડાની થેલીનું વિતરણ પણ કર્યુ હતું. પ્લાસ્ટીકમાં ૫૦ માઈક્રોનથી ઓછી ગુણવત્તાવાળી પ્લાસ્ટીક બેગ પર્યાવરણ માટે હાનિકર્તા છે, તેમ છતા નાગરીકો તેનો ઉપયોગ વધુ કરે છે. શહેરમાં નાના વેપારીઓ ખુલ્લેઆમ ચાના કપ, બેગ, થેલીઓ, પાણીના ગ્લાસ, સહિતની વસ્તુનો ઉપયોગ વધુ થાય છે. પ્લાસ્ટીક કચરો પશુઓના પેટમાં જતા તેમના આરોગ્ય માટે પણ ખતરો ઉભો થવા પામે છે. શહેરમાં પ્લાસ્ટીક મુકત ઝુંબેશને પગલે વેપારી આલમમાં હાહાકાર મચી જવા પામ્યો છે. શહેરની મનપાની ટીમ ગમે તે સમયે ગમે તે સ્થળે જઈને પ્લાસ્ટીકની ચીજવસ્તુઓ જપ્ત કરતા વેપારીઓએ પ્લાસ્ટીકનો સામાન સંતાડવાનો વારો આવ્યો છે. તંત્રએ વેપારીઓ સામે લાલ આંખ કરતા જ શહેરમાંથી પ્લાસ્ટીકની વસ્તુઓ ગાયબ થવા પામી છે. શહેરમાં આગામી સમયમાં પણ વિવિધ સેકટરની દુકાનો તેમજ બજારોમાં પ્લાસ્ટીક ઝુંબેશ કાર્યરત રહેશે.

# અંકિત બારોટે પોતાની ફરિયાદમાં આર્મસ એક્ટ અને લૂંટની કલમ ઉમેરવા એસ.પીને અરજી કરી

## ફરિયાદ લીધા પછી પોલીસે આરોપીઓને છાવરવા માટે એફઆઈઆરમાંથી હકિકતો ઉડાવી દઈ કલમો હળવી કરી દીધી હોવાનો અપહ્યુત કોર્પોરેટરનો આક્ષેપ

ગાંધીનગર, તા. ૧૬

મહાનગરપાલિકામાં મેયર પદની ચૂંટણી પહેલા કોંગ્રેસના એક કોર્પોરેટર અંકિત બારોટ નું અપહરણ થઈ ગયું હતું. ચૂંટણી પુરી થયા બાદ નાના ચિલોડા પાસે તેને ફેંકી દેવાયો હતો. આ મામલે અંકિત બારોટે પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી. જોકે પોલીસે ફરિયાદ લીધા બાદ એફઆઈઆર દાખલ કરતી વખતે અંકિતની અક્ષરસહ ફરિયાદ ન લઈને હળવી કલમ બનાવવા અપહરણ વખતે રિવોલ્વરનો ઉપયોગ અને લૂંટ બંને ઘટનાઓનો ઉલ્લેખ જ કર્યો ન હોવાનો આક્ષેપ થયો છે. અંકિત બારોટે આજે આરોપીઓ સામે નોંધાયેલી ફરિયાદમાં આર્મ્સ એકટ અને લૂંટની કલમ ઉમેરવા જિલ્લા પોલીસ અધિક્ષકને અરજી કરી છે.

કોર્પોરેટર અંકિત બારોટના ચકચારી અપહરણ કાંડ બાદ અંકિતે પોલીસ મથકમાં આપેલી ફરિયાદ સાથે પોલીસે ચેડા કર્યા હોવાનો આક્ષેપ સામે આવ્યો છે. અંકિત બારોટે આજે જિલ્લા પોલીસ અધિક્ષક મયુરસિંહ ચાવડાને અરજી આપી છે કે ૪થી નવેમ્બરથી ૫મી નવેમ્બર સુધીમાં તેનું ગિરીશ ઉર્ફે મગન પટેલ, કેતન પટેલ, પ્રણવ પટેલ, હિરેન પટેલ તથા અન્ય ૧૫ જેટલા શખ્સોએ મળીને કર્યુ હતું. રિવોલ્વરની અણીએ ધમકી આપી ગોંધી રાખવામાં આવ્યો હતો. અંકિતનો મોબાઈલ અને પાકીટ લૂંટી લીધુ હતુ. આ ફરિયાદ તેણે આપી હોવા છતાં નોંધાઈ ગયેલી એફ.આઈ.આરમાં ઉપરોક્ત બાબતો નો સમાવેશ થયો જ ન હોવાનું તેનું કહેવું છે. જેને પગલે અંકિત બારોટે આજે જિલ્લા પોલીસ અધિક્ષક ને અરજી આપીને આરોપીઓ સામે આર્મસ એકટ તેમજ લૂંટની કલમોનો ઉમેરો કરવા રજૂઆત કરી છે.






### સે-૨૮ શિવકથામાં ભકતોનું ઘોડાપુર

ગાંધીનગર શહેરમાં લાભપાંચમથી શિવકથાનું આયોજન સેકટર-૨૮ વરીયા પ્રજાપતિ સમાજની વાડી ખાતે કરવામાં આવ્યું છે. શ્રી શિવમહાપુરાણ જ્ઞાનયજ્ઞ કથાકાર પૂજય ગીરીબાપુના કંઠે કથા શ્રવણ કરવા ભકતો મોટી સંખ્યામાં આવે છે. કથા દરમિયાન રાત્રીના સમયે સુંદરકાંડના પાઠ તેમજ સંતવાણી કાર્યક્રમ પણ યોજાયા હતા. જેમાં ભકતોએ મોટી સંખ્યામાં લાભ લીધો હતો. આ કથામાં રાજકીય આગેવાનો તેમજ રાજયભરમાંથી સંતો-મહંતો પણ હાજર રહીને ભકતોને આર્શીવચન પાઠવ્યા હતા. જયારે શિવકથાને પગલે સમગ્ર સેકટરનું વાતાવરણ પણ ધાર્મિકમય બની જવા પામ્યું છે.

# ગાંધીનગરમાં ' પત્રકારત્વ – નીતિ શાસ્ત્ર અને ડિજીટલ યુગમાં પડકારો' અંગે સેમિનાર યોજાયો

ગાંધીનગર, તા.૧૬

ગાંધીનગરમાં તા. ૧૬ નવેમ્બર, ૨૦૧૮ના રોજ ગુજરાત પ્રેસ અકાદમી, ગાંધીનગર અને જિલ્લા માહિતી કચેરી, ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે રાષ્ટ્રીય પ્રેસ ડે ની ઉજવણી અંતર્ગત ' પત્રકારત્વ – નીતિ શાસ્ત્ર અને ડિજીટલ યુગમાં પડકારો' અંગે યોજાયેલ સેમિનારને સંબોધતા જિલ્લા કલેકટર શ્રી એસ.કે.લાંગાએ પત્રકાર મિત્રોને જણાવ્યું હતું કે, ડિજીટલ યુગમાં મીડિયા માટે સત્યનું સશકિતકરણની કરવાની જરૂર છે. લોકોના હિતાર્થે સત્ય સમાચારો અને પ્રજાલક્ષી માહિતી લોકો સુધી પહોંચાડવાની સૌથી મોટી જવાબદારી મીડિયાના શીરે છે.

જાણીતા લેખક – પત્રકાર અને વક્તા શ્રી રમેશ તન્નાએ જણાવ્યું હતું કે, દેશની સ્વતંત્રતામાં પત્રકારત્વનું મોટું યોગદાન રહ્યું છે. સ્વાતંત્રયની લડતમાં અનેક પત્રકારોએ જોડાઈને લોકજાગૃતિનું કામ કર્યુ હતું. સમાજ જીવન-લોકજીવનને અખબારોએ મહત્વ આપ્યું હતું. અખબારોનું કામ લોકોની લાગણીઓ જાણવાનું અને અમુક લાગણી ઉભી કરી સમાજ અને પ્રજા ઘડતરનું કામ કરી મૂલ્ય અને નિષ્ઠા તથા સેવાભાવથી અખબારનો વ્યવસાય કરવો જોઈએ. ડિજીટલ ક્રાંતિના કારણે કલ્પના બહારના ઝડપી પરિવર્તનો આવ્યા છે.



નિવૃત્ત સંયુક્ત માહિતી નિયામક શ્રી નટુભાઈ પરમારે જણાવ્યું હતું કે, ડિજીટલ યુગના પડકારોના સમયમાં સોશિયલ મીડિયાના દરિયામાં દરેક વ્યક્તિ પોતાના મોબાઈલ રૂપી હોડી લઈ તરી રહ્યો છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ પણ ડિજીટલ ઈન્ડિયાને મહત્વ આપ્યું છે. ત્યારે તમામ પ્રચાર માધ્યમોએ આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ કરી નીતી મત્તાના ચોકકસ ધોરણો રાખવા જોઈએ. ભારતમાં પંદર કરોડ લોકો ઈન્ટરનેટનો ઉપયોગ કરે છે. ત્યારે ડિજીટલ ક્રાંતિમાં મીડિયા માટે લોક શિક્ષણ સંદર્ભે મહત્વનો ભાગ ભજવવો જોઈએ. હરિફાઈના યુગમાં સમાચારોની વિશ્વસનીયતા જળવાય અને આર્દશવાદ વધુ વાસ્તવિક બને તેની અગત્યતા અંગે વિસ્તૃત માહિતી આપી હતી.

નાયબ માહિતી નિયામક શ્રી નરેશભાઈ એલ. ચૌધરીએ સ્વાગત પ્રવચન કરી રાષ્ટ્રીય પ્રેસ ડે ની ઉજવણી અંગે વિસ્તૃત માહિતી આપી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન માહિતી મદદનીશ શ્રી પરિમલ પટેલે કર્યુ હતું. કાર્યક્રમને સફળ બનાવવા માટે જિલ્લા માહિતી કચેરી, ગાંધીનગરના સ્ટાફ પરિવારે ભારે જહેમત ઉઠાવી હતી.

### ચિરવિદાય

- સ્વ. સુરેશભાઈ ભોલાપ્રસાદ કનોજીયા, ઉ.વ. ૬૫
- સ્વ. કાળાજી ચેહરાજી ઠાકોર, ઉ.વ. ૫૫
- સ્વ. જાનકીબેન મણીભાઈ પટેલ, ઉ.વ. ૮૦
- સ્વ. જાદવ શિવાભાઈ લલ્લુભાઈ, ઉ.વ. ૮૦
- સ્વ. મોહનભાઈ ધનાભાઈ વાઘેલા, ઉ.વ. ૭૮
- સ્વ. ગોવિંદભાઈ મંગળદાસ પટેલ, ઉ.વ. ૭૨
- સ્વ. ભોળાભાઈ હરગોવનદાસ પટેલ, ઉ.વ. ૭૫